


Title-Code:-GUJGUJ18109

www.gujarataatmiyata.in
E-mail :gujarataatmiyata@gmail.com

# ગુજરાત આત્મીયતા

GUJARAT AATMIYATA (WEEKLY)-SURAT

ગુજરાતી સાપ્તાહિક (સુરત)

તંત્રી- હિમાંશુ કે. ઠાકોર    Mo- 9016924808    સહતંત્રી-હિમાબેન એચ. ઠાકોર

YEAR-03, ISSUE- 01,(SURAT), DATE-25/06/2025, WEDNESDAY, EDITOR- HIMANSHUBHAI KANTILAL THAKOR, Off- LIMDA FALIYA, VTC. PALI,PO. HALDHARU, SUB DISTRICT-KAMREJ,SURAT. GUJARAT-394310, PAGE-04, PRICE-02/-

વર્ષ-૦૩, અંક-૦૧, (સુરત), તા.૨૫/૦૬/૨૦૨૫ બુધવાર તંત્રી- હિમાંશુભાઈ કાંતિલાલ ઠાકોર, ઓફીસ-લિમડા ફલિયા, વી.ટી.સી.પાલી., પોસ્ટ-હલધરૂ. સબ ડિસ્ટ્રીકટ-કામરેજ, સુરત. પાના-૦૪ કિંમત ૦૨/- રૂ.



2 શક્તિસિંહ ગોહિલનું કોંગ્રેસ પ્રદેશ પ્રમુખ પદેથી રાજીનામું, પેટાચૂંટણીમાં પરાજય બાદ મોટો નિર્ણય

3 કામરેજ તાલુકાના પાલી ગામમાં ખાડીમાં પૂર આવતા આખું ગામ બેટમાં ફેરવાયું

4 સુરત જિલ્લા ના માંડવી તાલુકાના ભારે વરસાદને પગલે બે રસ્તાઓ બંધ કરાયા


## દક્ષિણ ગુજરાતને ધમરોળશે મેઘરાજા: બે જિલ્લામાં રેડ એલર્ટ, ૮ જિલ્લામાં ઓરેન્જ એલર્ટ

ગુજરાતમાં છેલ્લાં બે અઠવાડિયાથી મેઘમહેર જોવા મળી રહી છે. જોકે, સોમવારે પણ મેઘરાજાની મહેરબાની રાજ્યભરમાં જોવા મળી હતી. ગઈકાલે સવારના ૬ વાગ્યાથી સવારના ૬ વાગ્યા સુધી ૨૪ કલાકમાં સુરતમાં ૧૩ ઈંચ વરસાદ પડતા જળબંબાકારની સ્થિત જોવા મળી હતી. દક્ષિણ ગુજરાતમાં અનેક સ્થળોએ ભારે વરસાદ જોવા મળ્યો હતો. જેના કારણે તાપી જિલ્લાના અનેક રસ્તાઓ બંધ કરવામાં આવ્યા હતા. આજે બપોરે ૧ વાગ્યા સુધી સુરત અને ભરૂચમાં રેડ એલર્ટ આપવામાં આવ્યું છે.

સોમવારે (૨૩ જૂન) ૨૪ કલાકમાં સુરતમાં ૧૩ ઈંચથી વધુ વરસાદ પડતા સુરતમાં જળબંબાકારની સ્થિતિ સર્જાઈ છે. જેને લઇને વહેલી સવારે નોકરી-ધંધે જતા લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.

મળતી માહિતી મુજબ, સોમવારે (૨૩ જૂન) સુરતમાં અતિભારે વરસાદ જોવા મળ્યો હતો. સુરત જિલ્લામાં સાડા નવ ઈંચ વરસાદથી અનેક જગ્યાએ પાણી ભરાયા હતા. રસ્તા ઉપર પણ ભારી ભરાઈ જવાના કારણે અનેક વાહનો બંધ થઈ ગયા હતા. આ સિવાય કામરેજમાં પણ સાત ઈંચ વરસાદ ખાબક્યો હતો. જ્યારે અમરેલીની શેત્રુંજી-સાતલડી નદીમાં પૂર જેવી સ્થિતિ સર્જાઈ હતી. ગઈકાલના વરસાદને લઈને દક્ષિણ ગુજરાતનું તાપી અને સુરત હજુય જળમગ્ન સ્થિતિમાં છે. તાપી જિલ્લામાં અને



ઉપરવાસમાં પડી રહેલા ભારે વરસાદના પગલે તાપી જિલ્લાની સ્થાનિક નદીઓ બે કાંઠે થઈ છે. આ સિવાય તમામ ધોધ પણ વહેતા થયા છે.

અમરેલી જિલ્લાના ધાતરવાડી અને સુરજવાડી, સુરેન્દ્રનગરના વાંસલ, લીમ-ભોગાવો-૧ અને સબુરી, જામનગર જિલ્લાના વાઘડીયા, કચ્છના કલાઘોઘા, ભાવનગરના રોજકી તથા બગડ અને બોટાદ જિલ્લાના ભીમદાદ એમ કુલ ૧૦ જળાશયો સંપૂર્ણ એટલે કે ૧૦૦ ટકા ભરાયા છે જેથી હાઈ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. આ ઉપરાંત ૨૯ જળાશયો ૭૦ થી ૧૦૦ ટકા વચ્ચે ભરાતા એલર્ટ અને વોર્નિંગ જાહેર કરવામાં આવી છે. સરદાર સરોવર યોજનામાં હાલમાં કુલ સંગ્રહશક્તિના ૫૦.૧૫ ટકા પાણીનો સંગ્રહ થયો છે. ૨૫ જૂને ગીર સોમનાથ, અમરેલી, ભાવનગર, ભરુચ, સુરત, તાપી, ડાંગ, નવસારી, વલસાડ, નર્મદા, વડોદરા, પંચમહાલ, દાહોદ, છોટા ઉદેપુર અને ૨૬ જૂને નવસારી, વલસાડ, ડાંગ, તાપી, નર્મદા, છોટા ઉદેપુર, પંચમહાલ, દાહોદ, મહીસાગર, અરવલ્લી, અમરેલી, ભાવનગર, ગીર સોમનાથ જિલ્લામાં યલો એલર્ટ છે. ૨૭ જૂનના રોજ કચ્છ, મોરબી, જામનગર, દેવભૂમિ દ્વારકા, નવસારી, ડાંગ, તાપી, નર્મદા, છોટા ઉદેપુર, પંચમહાલ, દાહોદ જિલ્લામાં ગાજવીજ સાથે ધોધમાર વરસાદની આગાહી છે. જ્યારે ૨૮-૨૯ જૂનના દિવસે રાજયના મોટાભાગના વિસ્તારોમાં મેઘગર્જના સાથે ભારે વરસાદને પગલે યલો એલર્ટ જાહેર કર્યુ છે.

## અમેરિકાના હુમલા બાદ ઈરાનના રાષ્ટ્રપતિ સાથે PM મોદીની ટેલિફોનિક વાતચીત, શાંતિ સ્થાપનાની અપીલ



મિડલ-ઈસ્ટમાં ચાલી રહેલા યુદ્ધ વચ્ચે, ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઈરાનના રાષ્ટ્રપતિ મસૂદ પેજેશકિયન સાથે ફોન પર વાત કરી. પીએમ મોદીએ મસૂદ પેજેશકિયન સાથે વર્તમાન પરિસ્થિતિ પર વિગતવાર ચર્ચા કરી અને ચિંતા વ્યક્ત કરી. પીએમ મોદીએ X પર પોસ્ટ કરીને ઇઝરાયલ અને ઈરાનને તણાવ ઓછો કરવા અને પરસ્પર વાતચીત કરવા અપીલ કરી છે. પીએમ મોદીએ ઈરાનના રાષ્ટ્રપતિ સાથે વાતચીતમાં ક્ષેત્રીય અખંડતા, શાંતિ અને સ્થિરતા માટે સંવાદ દ્વારા તણાવ ઘટાડવા અપીલ પણ કરી છે. નોંધનીય છે કે સર્વપ્રથમ ઈઝરાયલે ઈરાનના પરમાણુ ઠેકાણા પર હુમલા કર્યા હતા જે બાદ બંને દેશો વચ્ચે યુદ્ધ છેડાયું હતું. હવે આ યુદ્ધમાં ઈઝરાયલની પડખે અમેરિકાની પણ એન્ટ્રી થઈ ગઈ છે. અમેરિકાએ ઈરાનના મુખ્ય ત્રણ પરમાણુ ઠેકાણા પર હુમલા કર્યા છે. અમેરિકાના હુમલા બાદ સમગ્ર મિડલ ઈસ્ટમાં તણાવમાં અત્યંત વધારો થયો છે. અનેક દેશો તથા UNએ પણ આ અંગે ચિંતા વ્યક્ત કરી

## વાંકલ ગામે ભાજપ સરકાર ના સેવા સુશાસનના ૧૧ વર્ષ પૂર્ણ થતા ઉજવણી કરાઈ

### પ્રદેશ ભાજપના પ્રતિનિધિ પ્રિયાંક શાહ અને જિલ્લા ભાજપ પ્રમુખ ભરત રાઠોડ ઉપસ્થિત રહ્યા

**રિપોર્ટર- દક્ષેશ પટેલ, માંડવી-** માંગરોળ તાલુકાના વાંકલ ગામે ભાજપની કેન્દ્ર સરકાર ના સેવા સુશાસન ના ૧૧ વર્ષ પૂર્ણ થતા ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તાઓ દ્વારા ઉજવણી કરવામાં આવી હતી વિકસિત ભારતનો અમૃત કાર્ડ સેવા શોશાસન અને ગરીબ કલ્યાણના ૧૧ વર્ષ પૂર્ણ થતા ઠેર ઠેર ઉજવણીઓ કરવામાં આવી રહી છે જેના ભાગરૂપે વાંકલ ગામે ઉજવણી કરવામાં આવી હતી આ પ્રસંગે વિધાનસભાના સંયોજક દીપકભાઈ વસાવા દ્વારા સ્થાનિક વિધાનસભા વિસ્તારમાં થયેલા વિકાસ કામોની વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી જેમાં



શૈક્ષણિક સંસ્થાઓ સિંચાઈ સુવિધાઓ રસ્તાઓ આરોગ્ય સુવિધા સહિતની અનેક યોજનાઓ ની છણાવટ કરવામાં આવી હતી ધારાસભ્ય ગણપતસિંહ વસાવાના નેતૃત્વ હેઠળ થયેલા વિકાસ કામોની છણાવટ કરવામાં આવી હતી પ્રદેશ ભાજપના પ્રતિનિધિ પ્રિયાંક શાહ દ્વારા વિકસિત ભારતનો અમૃત કાળ માં ગરીબોની સેવા, વંચિતો નું સન્માન, કિસાનો નું કલ્યાણ અને સરકારની યોજનાઓ પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના, પ્રધાનમંત્રી આવાસ યોજના, હર ઘર જલ યોજના, પ્રધાનમંત્રી બીમા સુરક્ષા યોજના, પ્રધાનમંત્રી સ્વ નિધિ યોજના, પીએમ કિસાન સન્માન નિધિ, પીએમ ફસલ વીમા યોજના, સહિત અનેક કલ્યાણકારી યોજનાઓ ની માહિતી આપવામાં આવી હતી દીક્ષિત ભારતના સંકલ્પ સાથે તમામ કાર્યકર્તાઓએ પ્રતિજ્ઞા લીધી હતી આ કાર્યક્રમમાં સુરત જિલ્લા ભાજપ ના પ્રમુખ ભરતભાઈ રાઠોડ જિલ્લા ભાજપના ત્રણ મહામંત્રીઓ જિલ્લા પંચાયત સભ્ય અફઝલ ખાન પઠાણ સ્થાનિક તાલુકા પંચાયત સદસ્ય ડો યુવરાજસિંહ સોનારીયા દિલીપ સિંહ રાઠોડ તાલુકા ભાજપ સંગઠન તરસાડી નગર ભાજપ સંગઠન ના પ્રમુખ અને હોદ્દેદારો તેમજ સમગ્ર તાલુકા માંથી ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તાઓ આ કાર્યક્રમમાં ઉપસ્થિત

## માગી નગર ભારતીય જનતા પાર્ટી દ્વારા ડોક્ટર શ્યામા પ્રસાદ મુખર્જી બલિદાન દિન નિમિત્તે ભાવપૂર્ણ પુષ્પાંજલિ અર્પણ કરાઈ



**રિપોર્ટર- દક્ષેશ પટેલ, માંડવી-** ભારતની એકતા અને અખંડિતતા માટે પોતાના પ્રાણોનું બલિદાન આપનારા, પ્રખર રાષ્ટ્રવાદી વિચારક તથા જનસંઘના સંસ્થાપક અને આપણા પથ પ્રદર્શક ડો. શ્યામા પ્રસાદ મુખર્જીના બલિદાન દિવસ પર માંડવી નગર કાર્યાલય પર ભાવપૂર્ણ પુષ્પાંજલિ અર્પણ કરી.

આ પ્રસંગે સુરત જિલ્લા મહામંત્રી અને ઝોન પ્રભારી રાજેશભાઈ પટેલ, સુરત જિલ્લા મંત્રી ડો. આશિષભાઈ ઉપાધ્યાય, માંડવી નગર પ્રભારી અજીતસિંહ સુરમા, માંડવી નગર પ્રમુખ પ્રિતેશભાઈ રાવળ તથા મહામંત્રી શાલિનભાઈ શાહ અને વિજયભાઈ પટેલ, માંડવી નગરપાલિકા પ્રમુખ નિમેષભાઈ શાહ તેમજ સંગઠનના હોદ્દેદારો, ચૂંટાયેલા સભ્યો, મોરચાના પ્રમુખ મહામંત્રી, બુથ પ્રમુખ, શક્તિકેન્દ્રના સંયોજક હાજર રહ્યા.

## ગાંધીનગરમાં મોદી સરકારના ૧૧ વર્ષની ઉજવણી:શહેરના ૧૧ વોર્ડમાં વિકસિત ભારત સંકલ્પ સભા યોજાઈ

ગાંધીનગર- ગાંધીનગર મહાનગર ભાજપે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સરકારના ૧૧ વર્ષ પૂર્ણ થવાની ઉજવણી કરી હતી. શહેરના તમામ ૧૧ વોર્ડમાં વિકસિત ભારત સંકલ્પ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. શહેર ભાજપ પ્રમુખ આશિષકુમાર દવેના માર્ગદર્શનમાં આ કાર્યક્રમ યોજાયો હતો. પ્રદેશ અધ્યક્ષ સી.આર.પાટીલ ના નેતૃત્વમાં રાજયવ્યાપી અભિયાન ચાલી રહ્યું છે. સભાઓમાં પ્રદેશ અને મહાનગર સ્તરના વક્તાઓએ મોદી સરકારની સિદ્ધિઓની માહિતી આપી હતી.

વક્તાઓએ જનકલ્યાણ કારી યોજનાઓની વિગતો રજૂ કરી. આર્થિક નીતિઓ અને તેના પરિણામોની માહિતી આપી હતી. રાષ્ટ્રીય સુરક્ષા અને આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે ભારત ની પ્રતિષ્ઠામાં થયેલા વધારા અંગે ચર્ચા કરી હતી. કાર્યક્રમમાં આત્મનિર્ભર




ભારત અને વિકસિત ભારત @ ૨૦૪૭ ના વિઝન પર વિશેષ ધ્યાન આપવામાં આવ્યું હતું.

ઉપસ્થિત લોકોએ દેશને આધુનિક અને વૈશ્વિક નેતૃત્વ તરફ લઈ જવાનો સંકલ્પ લીધો હતો.

## આજથી ગુજરાતમાં ક્રાંતિના બીજ રોપાયા... વિસાવદરમાં જીત બાદ ગોપાલ ઈટાલિયાની પહેલી પ્રતિક્રિયા




ગુજરાતની બે વિધાનસભા બેઠકો પર યોજાયેલી પેટાચૂંટણીના પરિણામો આજે જાહેર થયા છે. વિસાવદરમાં આમ આદમી પાર્ટીના ઉમેદવાર ગોપાલ ઈટાલિયાની ૧૭,૫૮૧ મતથી ભવ્ય જીત થઈ છે, જ્યારે કડી બેઠક પર ભાજપના ઉમેદવાર રાજેન્દ્ર ચાવડાએ ૩૮,૯૦૪ મતની જંગી સરસાઈથી જીત હાંસલ કરી છે. આ દરમિયાન મત ગણતરી કેન્દ્ર બહાર આપના કાર્યકર્તાઓએ ગોપાલ ઇટાલિયાને ખભા પર બેસાડીને ઉજવણી કરી હતી. અહીં કાર્યકરોએ 'જય ગોપાલ'ના નારા લગાવ્યા હતા.

વિસાવદરની પેટા ચૂંટણીમાં ભાજપને કારમી હારનો સ્વાદ ચખાડ્યા બાદ આપના ઉમેદવાર ગોપાલ ઇટાલિયાએ પ્રતિક્રિયા આપતા કહ્યું કે, 'આ જીતથી ગુજરાતમાં ક્રાંતિના બીજ રોપાયા છે. આ લડાઇ એકતરફી સત્તા, પૈસા, દારૂ, ગુંડા અને અહંકાર સામે હતી, તો બીજી તરફ આમ તરફ આમ જનતાની આશા અને વિશ્વાસ હતો. એક તરફ સત્તાનું અભિમાન હતું અને બીજી તરફ હું ગામડે ગામડે ગયો, જ્યાં દીકરીઓના કુમળા હાથે લીધેલા દુ:ખણાનો વિજય થયો છે. મારી માતાઓએ આપેલા આશીર્વાદનો વિજય થયો છે. મારા ખેડૂ માવતરોએ આપેલા આશીર્વાદનો વિજય થયો છે. ગોપાલ ઇટાલિયાએ યુવાનોને હાકલ કરતાં કહ્યું હતું કે 'યુવાનોને લાગણીભરી વિનંતી છે. મારા વ્હાલા યુવાનો જાગો... ક્યાં સુધી ગુજરાતમાં ભાજપના ભય, ભૂખ, ભ્રષ્ટ્રાચાર અને તાનાશાહીના શાસનની ગુલામી ભોગવીશું. દોસ્તો આજે એક-એક માણસને જાણે કે ગુલામ બનાવી રાખ્યો હોય એટલી હદે ભાજપે તાનાશાહી કરી છે. ગામડે ગામડે ભાજપના માણસો ગુંડાઓ જેવું વર્તન કરે છે. હું ગુજરાતભરના યુવાનો પાસે હાથ લંબાવું છું. હે ! યુવાનો આગળ આવો, તમારો આત્મા જગાડો, તમારી અંદર ભગવાને જે તાકાત મૂકી છે તેને ઓળખો. આવો સાથે મળીને ગુજરાતમાં પરિવર્તન લાવવાની અને ગુજરાતને ભાજપના આ ચૂંડાલમાંથી છોડાવવાની લડત લડીએ. મારી સૌને હાથ જોડીને અપીલ છે કે આજથી ગુજરાતમાં ક્રાંતિના બીજ રોપાઇ ચૂક્યા છે. તેની અંદર ભગવાને પણ વરસાદરૂપી આશીર્વાદ આપ્યા છે.'




ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)
GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

## તંત્રી લેખ........



તંત્રી–
હિમાંશુસિંહ ઠાકોર

### ટેકનોલોજીની ૨૧મી સદીમાં ૮૫ કરોડ લોકોને બે ટંકનું ભોજન નસીબ થતું નથી

ભારતમાં જે દારુણ ગરીબીમાં સબડે છે તેમને વર્ષોથી ખાસ કાર્ડ આપવામાં આવે છે - બિલો પોવર્ટી લાઇન - બીપીએલ. જે ગરીબી રેખાથી નીચે છે એવા લોકોને સરકારી રાહે અનાજ-કરિયાણું મળે છે. એ જો ગરીબીનો માપદંડ હોય તો દેશમાં લગભગ ૬.૫૨ કરોડ લોકોને બીપીએલ કાર્ડ આપવામાં આવ્યા છે. હવે સરકારે નવા બીપીએલ કાર્ડ આપવાનું બંધ કર્યું છે. તેના બદલે નેશનલ ફૂડ સિક્યોરિટી એક્ટ લાગુ પાડયો છે. આ એક્ટ પછી પ્રાયોરિટી હાઉસહોલ્ડ અને અંત્યોદય અન્ન યોજના અંતર્ગત ૨૦ કરોડ રાશન કાર્ડ અપાયા છે. કુલ લાભાર્થી ૮૦ કરોડ છે. એ મુદ્દેય જોકે, રાજકારણ થતું રહે છે કે આટલા લોકોને સરકારી સહાય આપવી પડે છે તો ખરેખર ગરીબ કેટલા? શું દેશની મોટી વસતિ ગરીબ છે કે તેમને સહાય આપવી પડે છે? તેની સામે સરકાર તરફી દલીલ એવી છે કે આ યોજના હેઠળ માત્ર ગરીબોને જ સહાય આપવામાં આવતી નથી. અન્ય લાભાર્થીઓને પણ આવરી લેવામાં આવે છે.

**જીવનધોરણનો અભાવ એટલે ગરીબી**

સૈકડો સદીઓ સુધી ગરીબી કોને કહેવી તેની કોઈ સ્પષ્ટતા થતી ન હતી. જેમની પાસે ખાવા-પીવાનું ઉપલબ્ધ ન હોય એને ગરીબ કહેવાય. આશરો ન હોય તોય ગરીબાઈ કહેવાય. મૂળભૂત સુખ-સુવિધા ન હોય એ ગરીબ ગણાય. ગરીબીની વ્યાખ્યા રાષ્ટ્ર-કાળ પ્રમાણે જુદી જુદી હતી. નિર્ધન એટલે જેની પાસે ધન ન હોય એ. બીજા વિશ્વયુદ્ધ પછી વૈશ્વિક સંગઠનો બન્યાં. એ સંગઠનોએ માનવ અધિકારના સિદ્ધાંતો બનાવ્યાં. એમાંથી વળી સ્ટાન્ડર્ડ ઓફ લિવિંગના વિચારનો ઉદય થયો. આ જીવનધોરણમાં સામાજિક, આર્થિક, સાંસ્કૃતિક બાબતોનો વિચાર સમાવાયો. આર્થિક વિકાસની તકો મળવાની સાથે સામાજિક ધોરણ જળવાતું હોય અને સંસ્કૃતિ સાથે જોડાઈ રહેવાની મોકળાશ હોય એને જીવનધોરણ કહેવાય. એ વ્યાખ્યામાંથી જ ગરીબીના માપદંડો ઘડાયા.

**ટેકનિકલી દુનિયાની ૮૫% વસતિ ગરીબ**

૨૦૧૯માં એક ખાનગી તારણ રજૂ થયું હતું. એ પ્રમાણે જેમની દૈનિક આવક ૩૦ ડોલર (અંદાજે ૨૫૦૦ રૂપિયા)થી ઓછી છે એ તમામ ગરીબ ગણાય. એ ગણતરીને માન્ય રાખીએ તો દુનિયાની ૮૫ ટકા વસતિ ગરીબ છે. જગતની વસતિ ૮૦૦ કરોડ છે. એમાંથી ૮૫ ટકા એટલે ૬૮૦ કરોડ લોકો. વિશ્વમાં ૬૮૦ કરોડ લોકોની દૈનિક આવક ૨૫૦૦ રૂપિયાથી નીચે છે. વર્લ્ડ બેંકે ૨૦૨૦માં એવોય અહેવાલ આપ્યો હતો કે જગતની ૪૦ ટકા વસતિ ગરીબ છે. તે હિસાબે વળી ગરીબોનો આંકડો ૩૨૦ કરોડથી વધારે થાય.

**૧૯૯૦માં ગરીબીના માપદંડો ઘડાયા**

પર્ચેસિંગ પાવર પેરિટી, એનો અનુવાદ થાય ખરીદ શક્તિ સમાનતા. આ ફેક્ટર પરથી ગરીબીની વ્યાખ્યા નક્કી થઈ. ૧૯૯૦માં પહેલી વખત એવું નક્કી થયું કે જેમની દૈનિક ખરીદ શક્તિ એક ડોલરથી પણ ઓછી છે તે ગરીબ કહેવાય. તે સમયે એક ડોલર એટલે લગભગ ૧૭થી ૨૦ રૂપિયા. દિવસમાં જે વ્યક્તિ ૧૭થી ૨૦ રૂપિયા પણ ખર્ચી ન શકે એ ગરીબ છે એવું વૈશ્વિક સંગઠનોએ સ્વીકાર્યું. વર્લ્ડ બેંકે ૧૯૯૩થી ૨૦૦૫ સુધી ગરીબી માટે ૧.૦૮ ડોલરથી નીચેની ખરીદ શક્તિને માપદંડ ગણ્યો હતો. સમયાંતરે એ પર્ચેસિંગ પાવર પેરિટીના આધારે રકમમાં ફેરફાર પણ થયો. ૨૦૦૯માં ૧.૨૫ ડોલરથી નીચે દૈનિક ખરીદ શક્તિ હોય તો એ ગરીબ ગણાતો. ૨૦૧૫માં ૧.૯૦ ડોલરની ખરીદ શક્તિ નિર્ધનતાની નિશાની હતી. ૨૦૧૭ ૨.૧૫ ડોલરથી નીચેની ખરીદ શક્તિ ગરીબી ગણાતી.

**દુનિયામાં ૮૫ કરોડ લોકો ગરીબ**

વર્લ્ડ બેંકે ૨૦૨૧ પ્રમાણે ગણતરી કરીને નવો આંકડો આપ્યો છે એ પ્રમાણે ગરીબોની સંખ્યા જગતમાં ઘટવાને બદલે વધી છે. જૂના અહેવાલમાં વસતિના ૯ ટકા લોકો ગરીબ હતા. હવે એ વધીને ૧૦.૫ ટકા થયા છે. ૮૦૦ કરોડની વસતિમાંથી ૮૪-૮૫ કરોડ લોકો ગરીબીમાં જીવે છે. એમાંય વળી અંદાજ એવો છે કે ૭૦ કરોડ લોકો દારુણ ગરીબીમાં સબડે છે. આ ૭૦ કરોડ લોકોને એક ટંકનું ખાવાનું નસીબ થતું નથી. જે ગરીબો છે તેમને ૨૪ કલાકમાં એટલીસ્ટ એક વખત ભોજન મળે છે. આટ-આટલી સ્વૈચ્છિક સંસ્થાઓ, આટ-આટલી સરકારી યોજનાઓ દુનિયામાં ચાલી રહી છે અને ગરીબોના કલ્યાણ માટે માતબર ફંડ ફાળવવામાં આવે છે .

ઈનોવા તથા કીયા કાર ભાડે થી મળશે
● ૫–સિટર ● ૭–સિટર ●





સંપર્ક– અનિલભાઈ મો.97242 60058




સંપર્ક–મિતેશ દેસાઈ Mo-9879518431
બ્લોક નં. એ–૧૩૮, પ્લોટ નં. ૬, ટ્રાસપોર્ટ, કેમ્પસ, નેશનલ રોડ– ૪૮, નવાગામ, ઉદ્યોગ નગર, કામરેજ સુરત

## જાયન્ટસ ગ્રુપ ઓફ બોટાદ સાહેલી દ્વારા સ્ત્રીઓમાં થતા સર્વાઇકલ કેન્સર રસી નો બીજો કેમ્પ રાખવામા આવેલ

જાયન્ટસ ગ્રુપ ઓફ બોટાદ સાહેલી દ્વારા સ્ત્રીઓમાં થતા સર્વાઇકલ કેન્સર રસી નો બીજો કેમ્પ રાખવામા આવેલ






એટલે કે વુમન્સ પેપીલોમાં વાયરસ, એસપીવીની રસી આપવામાં આવેલ, હાલના સમયમાં સ્ત્રીઓમાં સર્વાઇકલ કેન્સરનું પ્રમાણ વધતું જાય છે. ત્યારે નીતાબેન લાખાણી દ્વારા નાદિરાબેનને હોસ્પિટલમાં સર્વાઇકલ કેન્સર રસીનો કેમ્પ રાખવામાં આવેલ નાદીરાબેન ૨૦ છોકરીઓને રસી આપેલ. અને નીતાબેન લાખાણી દ્વારા આ વેક્સિન લેવાથી મહિલાઓમાં થતા ફાયદા વિશે સમજાવેલ.

આ લેવાથી સ્ત્રીઓમાં ભવિષ્યમાં થતા સર્વાઇકલ કેન્સરનો જોખમ ઘટી જાય છે. આ બીજો કેમ્પ કરેલ જેમાં ૨૦ દીકરીઓને રસી આપવામાં આવેલ. આ વેક્સિન માર્કેટમાં ૩૦૦૦ રૂપિયાની મળે છે. ત્યારે નીતાબેનના અર્થાત પ્રયત્નથી આ વેક્સિન ૧૩૦૦ રૂપિયામાં દીકરીઓને મળેલ. આ પ્રોજેક્ટ ચેરમેન નીતાબેન લખાણી તથા નાદિરાબેન દરેડિયા રહેલ. આ પ્રોજેક્ટ ખુબ સરસ રહેલ તેમજ જાયન્ટસ ગ્રુપ ઓફ બોટાદ સાહેલી દ્વારા નાદીરાબેનના નણંદ ઉમાબેન અનવરભાઈ વઢવાણિયા અને સરમીનબેન બહાદુરભાઇ ફુદા તરફથી બોટાદમાં આવેલ કૃષ્ણધામ વૃદ્ધાશ્રમમાં શ્રીખંડ પુરીનો જમણવાર આપવામાં આવેલ. તથા સવારનો નાસ્તો આપવામાં આવેલ.

આ વૃદ્ધાશ્રમમાં ૧૫ વડીલો હાલમાં છે આ તમામને ખૂબ રાજી ખુશીથી જમાડવામાં આવેલ આ પ્રોજેક્ટમાં નાદીરા બેનના નણંદો બંને તથા નીતાબેન નાદીરાબેન અને સાહેલીનાબેન હાજર રહેલ.

## શ્રી સાઈ પ્રશાંતિ સેવા ચેરીટેબલ ટ્રસ્ટ બારડોલી દ્વારા ૬૮૩ મો આઈ કેમ્પ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું



**બારડોલી-** શ્રી સાઈ પ્રશાંતિ સેવા ચેરીટેબલ ટ્રસ્ટ બારડોલી દ્વારા સંચાલીત શ્રી સત્ય સાઈ હોસ્પિટલ, શાસ્ત્રી રોડ, બારડોલી ખાતે તા. ૨૪/૦૬/૨૦૨૫ ને મંગળવારના રોજ ૬૮૩ માં આઈ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોતિયાના ઓપરેશનો લેન્સ સાથે નીઃશુલ્ક કરવામાં આવ્યા. તેમજ દર્દી તથા તેમના સગાને ભોજન (નારાયણ સેવા) સત્યસાઈ હોસ્પિટલ બારડોલી તરફથી કરાવવામાં આવ્યું.

શ્રી સત્ય સાઈ હોસ્પિટલ, શાસ્ત્રી રોડ, બારડોલી ખાતે આંખ વિભાગ, દાંત વિભાગ અને ફિઝિયોથેરાપી વિભાગ સવારે ૯.૦૦ થી ૫.૦૦ ચાલે છે અને સીવણ તથા બ્યુટિપાર્લર ના ક્લાસ વિનામુલ્યે ચલાવવામાં આવે છે અને યોગા ક્લાસ સવારે ૬ થી ૭ ના સમયગાળા દરમિયાન ચાલે છે. બધી જ સારવાર એકદમ ફ્રીમાં કરવામાં આવે છે. જરૂરિયાત મંદ લોકોને લાભ લેવા વિનંતી.

## વ્યારામાં ૬૩ અને સોનગઢમાં ૫૫ મિમી વરસાદ, ૬ માર્ગો બંધ, શાળાઓમાં રજા

તાપી (વ્યારા)- તાપી જિલ્લામાં સવારથી સતત વરસી રહેલા વરસાદે જનજીવનને અસ્તવ્યસ્ત કરી નાખ્યું છે. સવારે ૬થી ૮ દરમિયાન વ્યારામાં ૬૩ મિલીમીટર અને સોનગઢમાં ૫૫ મિલીમીટર વરસાદ નોંધાયો છે.

સતત વરસાદને કારણે નદી-નાળાઓમાં પાણીની આવક વધી છે. જિલ્લાના અનેક વિસ્તારોમાં રોડ અને રસ્તાઓ પાણીમાં ગરકાવ થયા છે. વ્યારા તાલુકાના ભાનાવાડીથી વ્યારા તરફ જતો માર્ગ પાણીમાં ડૂબી ગયો છે.

લો-લેવલ બ્રિજ પર પાણી ફરી વળતા વાહનવ્યવહાર બંધ કરવામાં આવ્યો છે. જિલ્લામાં હાલ કુલ ૬ માર્ગ પર પાણી ફરી વળતા તેને બંધ કરવામાં આવ્યા છે. વાલોડ તાલુકાના ૩ પંચાયત હસ્તકના આંતરિક રસ્તાઓ પણ ઓવરફ્લો થવાથી વાહનવ્યવહાર બંધ કરવામાં આવ્યો છે.

આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને વ્યારા નગરની શાળાઓમાં રજા જાહેર કરવામાં આવી છે. વરસાદને કારણે આસપાસના ખેતરોમાં પણ પાણી ભરાઈ ગયા છે. વાહન ચાલકો અને સ્થાનિક લોકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. હાલ પણ જિલ્લામાં વરસાદી માહોલ યથાવત છે.

## ગામમાં શિક્ષણ ક્ષેત્રે ભાર અપાશે, લાઇબ્રેરીના નિર્માણનું આયોજન

માંડવી- માંડવી તાલુકામાં લાખગામ ગ્રામપંચાયત પહેલી વખત ચૂંટણીમાં આગેવાનોએ ગામલોકોની પરસ્પર વાતચીત ધ્યાનમાં લઈને ગામને સમરસ બનાવવાનું નક્કી કરવામાં આવ્યું હતું અને દીનાબેન રામસીંગભાઈ ચૌધરી બિનહરીફ રીતે ચૂંટાયા હતા. દિવ્યભાસ્કરે તેમની સાથે વાત કરતા જણાવેલ ગામના વિકાસમાં ગામલોકો સાથે મળીને શિક્ષણક્ષેત્રે ભાર આપવા પ્રયાસ કરાશે .બાળકોને ગામમાં જ વાંચનની સુવિધા ઉપલબ્ધ કરવા માટે પુસ્તકાલયનું નિર્માણ કરાશે. બાળકોને ક્લાસિસ જેવી સુવિધા પણ પૂરી પાડવામાં આવશે. મહિલાઓને પગભર કરવા માટે સોશિયલ એક્ટિવિટી તેમજ ઓર્ગેનિક ફાર્મિંગ, વર્મી કેમ્પોસ્ટ, મહિલા બચત પર ભાર મૂકવામાં આવશે. દર વર્ષ મહિલા દિન, આદિવાસી દિનની ઉજવણી માટે આયોજન મહિલા જૂથ દ્વારા કરવામાં આવે છે. જે પગલે ગામની સામૂહિક એકતા અને મહિલાને પગભર કરવા બનતા પ્રયાસો હાથ ધરવામાં આવશે. ગામમાં વર્ષોથી લાખગામ પ્રાથમિક શાળાની નવી જગ્યાની ફાળવણી માટે પ્રયાસ કરવા માટે લડી રહ્યું છે. ગામના નવા મકાન માટે વર્ષો જૂની સમસ્યાનો હલ આજદિન સુધી આવ્યો નથી. જેપગલે ગામમાં લાયબ્રેરી અને નવા મકાન માટે પ્રયાસો હાથ ધરવામાં આવશે.

## માંડવી તાલુકામાં ૮૦ ટકા જેટલું મતદાન થયુ





**રિપોર્ટર- દક્ષેશ પટેલ, માંડવી-** સમગ્ર ગુજરાત સાથે માંડવી તાલુકામાં પણ ૧૪ ગ્રામ પંચાયતમાં સામાન્ય અને બે ગ્રામ પંચાયતમાં પેટા ચૂંટણી યોજાઈ હતી. જેમાં સભ્ય માટે સાંજે ૫ વાગ્યા સુધી ૮૦.૫૩ ટકા અને સરપંચ માટે ૮૦.૩૫ ટકા મતદાન થયું હતું.

માંડવી તાલુકામાં કુલ ૧૮ ગ્રામ પંચાયતમાં સામાન્ય ચૂંટણી જે પૈકી દઢવાડા, ઝરપણ, પીપરિયા અને લાખ ગામ સમરસ થઈ હતી. જયારે બાકીની ૧૪માં આજે રવિવારના રોજ મતદાન થયું હતું. જેમાં સરપંચ અને સભ્યોને ચૂંટવા માટે મતદારોએ માતાધિકારનો ઉપયોગ કર્યો હતો. આ ઉપરાંત દસ ગ્રામ પંચાયતમાં પેટા ચૂંટણી હતી પરંતુ આઠ ગ્રામ પંચાયતોમાં બિનહરીફ વિજેતા થતા માત્ર તડકેશ્વરમાં વોર્ડનંબર ૧૩ માટે અને વરેઠના સરપંચ પદ માટે ચૂંટણી થઈ હતી. પૂરતા પોલીસ બંદોબસ્ત વચ્ચે શાંતિપૂર્ણ માહોલમાં મતદાન પૂર્ણ થયું હતું.

સામાન્ય ચૂંટણી સામાન્ય ચૂંટણી
નૌગામા
સભ્ય - ૮૬.૦૩%
સરપંચ - ૮૨.૧૧%
વદેશીયા
સભ્ય - ૭૩.૯૫%
સરપંચ - ૭૩.૯૫%
લુહારવાડ
સભ્ય-૮૧.૦૨%
સરપંચ - ૮૧.૦૨%
જામકુઈ ગ્રુપ
સભ્ય-૮૬.૧૧%
સરપંચ -૮૬.૧૧%
ખંજરોલી
સભ્ય - ૮૮.૬૧%
નરેણ
સભ્ય - ૮૦.૨૦%
સરપંચ - ૭૮.૧૭%
ગાંગપોર હર્ષદ
સભ્ય - ૯૦.૧૭%
સરપંચ - ૯૦.૮૭%
કરુઠા ગ્રુપ
સભ્ય - ૬૮.૮૬%
સરપંચ - ૬૭.૨૧%
બલાલતીર્થ
સભ્ય - ૯૨.૩૮%
સરપંચ - ૯૧.૨૫%
કાટકુવા
સભ્ય- ૯૧.૯૬%
સરપંચ- ૮૩.૬૫%
રતનીયા
સરપંચ - ૭૬.૯૬%
નવા રતનીયા
સભ્ય - ૮૬.૪૦%
સરપંચ- ૮૬.૪૦%
જામણકુવા બાર સભ્ય- ૬૧.૮૯%
સરપંચ - ૬૨.૫૩%
સાદડી
સભ્ય - ૯૨.૬૫%
સરપંચ - ૯૦.૨૫% તડકેશ્વર (વોર્ડ નંબર ૧૩) ક્ષ્ક્ષ.ક્ષ્ક્ષ%
વરેઠ (સરપંચ)- ૭૯.૦૫%

## કામરેજ તાલુકાના પાલી ગામમાં ખાડીમાં પૂર આવતા આખું ગામ બેટમાં ફેરવાયું








**કામરેજ-** કામરેજ તાલુકાના પાલી ગામે પસાર થતી ખાડીમાં ઉપરવાસમાં વધારે વરસાદ ના કારણે પૂર આવતા ગામના ફાધર ફળિયા નીચાણવાળા વિસ્તારમાં પાણી ભરાયા તથા સુરત કડોદરા કામરેજ ને જોડતો માર્ગ પણ પાણીમાં ગરકાવ થયો જેને લઈને ગામના રહીશો ઠેર ઠેર પાણી થી મુશ્કેલી સામનો કરી રહ્યા છે.

Date-25/06/2025 Wednesday

# ગુજરાત આત્મીયતા

ગુજરાતી સાપ્તાહિક (સુરત)

GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

## ઉમરપાડાના વહાર ગામની નદી ઉપરના કોઝવે ઉપરથી પાણી ફરી વળતાં વહાર ગામમાં સતર્કતા વધારાઈ



**રિપોર્ટર- દક્ષેશ પટેલ, માંડવી-** સતત વરસાદના કારણે નદીમાં પાણીના સ્તરમાં વધારો થતાં ઉમરપાડા તાલુકાના વહાર ગામ નજીકના કોઝવે ઉપર પાણી ફરી વળતાં ઉમરપાડા તાલુકાના મામલતદારશ્રી તથા તલાટી કમ મંત્રીશ્રી સ્થળની મુલાકાત લઈ નિરીક્ષણ કર્યું હતું. સાથે સાથે ઈટ જવાનો પણ તાત્કાલિક હાજર રહી સ્થાનિક લોકસભ્ય અને વાહનચાલકોને સુરક્ષા માટે જરૂરી સૂચનાઓ આપી હતી.કોઝવે ઉપરથી પાણી પસાર થવાને કારણે લોકો અવર-જવર ન કરે તે માટે સૂચના આપી હતી. મામલતદારે ગામના ઉંચાણવાળા વિસ્તારોમાં જાળવણી રાખવા માટે નીચાણવાળા વિસ્તારો ન લોકો સતર્ક રહેવા જણાવ્યું હતું.મહત્વનું છે કે, રાજય સરકારે વરસાદી સિઝનમાં આવાં સ્થાનો પર દરવર્ષે સતર્કતા રાખવા સૂચન આપ્યું છે. ઉમરપાડા તાલુકા પ્રશાસન તરફથી સંભવિત પૂર પરિસ્થિતિને ધ્યાને લઈ તાત્કાલિક નિર્ણય લેવાયો હતો અને સ્થાનિક તંત્રના સહકારથી આગોતરા કાર્યવાહી કરવામાં આવી હતી.

## સુરત જિલ્લા ના માંડવી તાલુકાના ભારે વરસાદને પગલે બે રસ્તાઓ બંધ કરાયા



**રિપોર્ટર- દક્ષેશ પટેલ, માંડવી-**જેમાં માંડવી તાલુકા નો મુ જલાવ વાવ્યા કોઝવેરોડ અને મોરીઠા કાલીવેલ રેગામાં કોઝવે પરથી પાણીફળી વળતા સાવચેતીના પગલા રૂપે બંધ કરવામાં આવ્યા હતા જેના કારણે વાહન ચાલકો અને રાહદારીઓ મુશ્કેલીઓ મુકાયા. વહેલી સવારથી સતત વરસી રહેલા વરસાદના પગલે ળહ મીલીમીટર વરસાદ નોંધાવા પામ્યો છે વહીવટી તંત્ર હમવમ સાવચેતીના પગલા રૂપે બે માર્ગો બંધ કરાયા છે પાણી ઉતરતા બંને માર્ગો શરૂ કરવામાં આવશે

## ધોધમાર વરસાદ જળબંબાકાર શાસ્ત્રી રોડ રાજારામ કોમ્પલેક્ષ વિસ્તારમાં ગોઠણ સમા પાણી ભરયા



**બારડોલી-** ધોધમાર વરસાદ જળબંબાકાર શાસ્ત્રી રોડ રાજારામ કોમ્પલેક્ષ વિસ્તારમાં ગોઠણ સમા પાણી ભરયા. બારડોલી થી આર. ટી. ઓ. બાજુ શીવાજી મહારાજ સર્કલ જતો માર્ગ પાણીમાં ગરકાવ થયો રસ્તાની આજુબાજુ રહેતા માલધારીઓ પશુપાલકો પાણી ભરાઈ જતા મુશ્કેલીમાં મુકાયા.

શામળિયા મોરા વિસ્તાર તેમજ એમ એન પાર્ક સોસાયટીમાં પાણી ભરાયા.

## સુરત જિલ્લામાં ભારે વરસાદની અસર

# બારડોલીમાં ઘૂંટણ સમા પાણી ભરાયા, રહીશોમાં રોષ, માંડવી અને ઉમરપાડા તાલુકામાં કુલ ત્રણ રસ્તા બંધ






બારડોલી- સુરત જિલ્લાના બારડોલી પંથકમાં વહેલી સવારથી ધોધમાર વરસાદ શરૂ થયો છે. બારડોલીમાં પ્રથમ વરસાદે જ પાલિકાની કામગીરીની પોલ ખુલી ગઈ છે. અનેક નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવાની સમસ્યા સર્જાઈ છે. ગાંધી રોડ પર આવેલા વોર્ડ નંબર ૬માં આશિયાના નગરમાં પ્રવેશતાં જ ઘૂંટણ સમા પાણીનો ભરાવો જોવા મળ્યો છે. અનેક ડ્રેનેજ લાઈન ખુલ્લી હોવાના કારણે સમસ્યા વધુ ગંભીર બની છે.

પાલિકા દ્વારા પ્રિમોન્સૂન કામગીરી માટે કોઈ પગલાં લેવામાં આવ્યા નથી. પાણીના નિકાલની વ્યવસ્થાનો અભાવ સ્પષ્ટ દેખાય છે. સોસાયટીમાં ભરાયેલા પાણીથી રહીશો હાલાકી ભોગવી રહ્યા છે. સ્થાનિક રહીશોએ પાલિકાની કામગીરી સામે તીવ્ર આક્રોશ વ્યક્ત કર્યો છે.

સુરત જિલ્લામાં ભારે વરસાદને કારણે વહીવટી તંત્રએ સાવચેતીના પગલાં લીધા છે. માંડવી અને ઉમરપાડા તાલુકામાં કુલ ત્રણ રસ્તાઓ બંધ કરવામાં આવ્યા છે. માંડવી તાલુકામાં બે રસ્તાઓ બંધ કરવામાં આવ્યા છે. આ રસ્તાઓમાં ઉશ્કેર-મુંજલાવ-બોધાન રોડ અને મોરીઠા-કાલિબેલ રેગામા રોડ પરનો કોઝવેનો સમાવેશ થાય છે. બંને રસ્તાઓ પર પાણી ફરી વળ્યા હોવાથી વાહનવ્યવહાર માટે બંધ કરવામાં આવ્યા છે.

ઉમરપાડા તાલુકામાં બલાલકૂવાથી વહાર સુધીનો રસ્તો પણ સલામતીના કારણોસર બંધ કરવામાં આવ્યો છે. વહીવટી તંત્રએ જણાવ્યું છે કે પાણીનું સ્તર ઘટશે અને સ્થિતિ સામાન્ય થશે ત્યારે આ તમામ રસ્તાઓ ફરીથી વાહનવ્યવહાર માટે ખુલ્લા મૂકવામાં આવશે.

## માંડવી તાલુકાની નોગામા ગ્રામ પંચાયતની સામાન્ય ચૂંટણી યોજાઈ





**રિપોર્ટર- દક્ષેશ પટેલ, માંડવી-** માંડવી તાલુકાની ગ્રામ પંચાયત ની ચૂંટણી આજરોજ યોજાઈ હતી જેમાં વરસતા વરસાદ વચ્ચે મતદારોએ લાંબી કતારે માં ઊભા રહી ઉત્સાહભેર મતદાન કર્યું .

કુલ છ વાગ્યા સુધીનું મતદાન ૮૬ ટકા નોંધવા પામ્યું છે. પોલીસ તંત્ર દ્વારા ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. જેમાં ત્રણ વોર્ડની ચૂંટણી થઈ હતી. પાંચ સભ્ય ની બિન હરીફ વરણી કરવામાં આવી હતી. આ ચૂંટણી પ્રક્રિયા દરમિયાન મામલતદાર જયપ્રકાશભાઈ મિસ્ત્રી તેમજ ચાર ચૂંટણી અધિકારીઓ આ ચૂંટણી પ્રક્રિયા સંભાળી હતી.

**સુરત શહેરમાં જે કેમેરા થી સામાન્ય પ્રજા ના ચલણ ઇસ્યૂ કર્યા..**

**તે જ કેમેરાથી ઠેર ઠેર ભરાયેલા વરસાદી પાણી દેખાતા હશે ને !!!!????**

**તો મ્યુનિસિપલ કમિશનર, ડે. કમિશનર, મેયર, ડે. મેયર ડ્રેનેજ ના ચેરમેન, ડ્રેનેજ ની આખી કમિટી સાથે ડ્રેનેજ ના અધિકારી ના બે - બે લાખ ના ચલણ ઇસ્યૂ કરવા જોઈએ...**

**તો શાન ઠેકાણે આવી જશે, પ્રજાના હિત નું કામ થશે કશે પાણી ભરાશે નહી..**

### સાર્વજનિક એજયુકેશન સોસાયટી સંચાલિત

## રૂ. સી. મા. પુણાવાલા સાર્વજનિક એક્સપેરિમેન્ટલ સ્કૂલ, સુરત મા ૨૧ જૂન ૨૦૨૫ 'વિશ્વ યોગ દિવસ' તથા 'વિશ્વ સંગીત દિવસ' ની ઉજવણી કરવામાં આવી




પ્રાચીન ભારતીય પરંપરા દ્વારા માનવજાતને અપાયેલી એક અમૂલ્ય ભેટ એવી 'યોગ' અને 'સંગીત' ને વિશ્વ ફલક ઉપર લાવવા તથા માનવ જાતને આરોગ્ય સુખાકારી શાંતિ અને માનવતા તરફ દોરવાના ઉમદા હેતુથી સમગ્ર વિશ્વમાં તારીખ ૨૧મી જૂનના દિવસે 'વિશ્વ યોગ દિવસ' અને 'વિશ્વ સંગીત દિવસ' તરીકે ઉજવવામાં આવે છે. જે અંતર્ગત વિશ્વ યોગ દિવસ અને વિશ્વ સંગીત દિવસના ભાગરૂપે સાર્વજનિક એજયુકેશન સોસાયટી સંચાલિત રૂ.સી.માં.પુણાવાલા સાર્વજનિક એક્સપેરિમેન્ટલ સ્કૂલ, સુરત ના લુથરા ઓડિટોરિયમ હોલ ખાતે ' એક પૃથ્વી - એક સ્વાસ્થય ' માટે ' યોગ અને સંગીત મુક્ત ગુજરાત' થીમ આધારિત આંતરરાષ્ટ્રીય યોગ તથા સંગીત દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

આ પ્રસંગે કાર્યક્રમની શરૂઆત શાળાના સંગીત/ચિત્ર શિક્ષક શ્રી અજયકુમાર એચ.પટેલ દ્વારા શાળાના વિદ્યાર્થી સંગીત વૃંદ દ્વારા સુંદર પ્રાર્થના ની શરૂઆત કરાઈ હતી. ત્યારબાદ શાળાના શિક્ષિકા શ્રીમતી,દિપ્તીબેન લાલવાલા એ યોગ વિશે જાણકારી આપી હતી. તથા શાળાના પીટી શિક્ષક અને શાળાના સુપરવાઇઝર શ્રી ગુલાબભાઈ પટેલ તથા વિદ્યાર્થી વૃંદ દ્વારા વિવિધ યોગાસનો જેમકે સૂર્ય નમસ્કાર, ભજંગાસન, તાડાસન, સવાસન, પદ્માસન વગેરે આસનો પ્રારંભથી અંત સુધી પ્રાયોગિક ઉદાહરણ સાથે અભ્યાસ કરાવવામાં આવ્યો. સાથે વિદ્યાર્થીઓને શારીરિક તથા માનસિક આરોગ્ય માટે યોગ તથા સંગીત કેટલી હદે લાભદાયી છે તે બાબતે ઊંડી સમજ આપવામાં આવી. ધ્યાન અને સંગીત શ્વાસ નિયંત્રણના અભ્યાસ સાથે શાંતિ અને સંતુલન મેળવવાના સારા ઉપાયો જણાવ્યા હતા.

કાર્યક્રમની વિશિષ્ટ સફળતાની નોંધ લેતા શાળાના આચાર્યશ્રી કિશોરકુમાર એન.જાની એ સ્ટાફ તથા વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવી હતી. તથા આવનારા સમયમાં યોગ તથા સંગીતને જીવનશૈલીનો ભાગ બનાવવા માટે પ્રોત્સાહન આપ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળાના શિક્ષિકા શ્રી પુનિતાબેન પટેલે કર્યું હતું.

આ ઉજવણી આયોજને દરેક પ્રકારે 'યોગ' તથા 'સંગીત' ની ગુણવત્તા, પ્રેરણા અને સામૂહિક એકતાનું ઉત્તમ પ્રતિક પૂરું પાડ્યું છે.

જોઈએ છે..! જોઈએ છે..!



ગુજરાત આત્મીયતા

ગુજરાતી સાપ્તાહિક (સુરત)

માર્કેટીંગ માટે અનુભવી ઉત્સાહી યુવક-યુવતી જોઈએ છે.આકર્ષક પગાર અને કમિશન..

આપની સંસ્થા તથા ધંધા રોજગાર ની જાહેરાત માટે સંપર્ક કરો Whatsapp પર ડિજિટલ પેપર પીડીએફ વાંચવા માટે મિસ કોલ કરો

સમગ્ર ગુજરાતમાં પત્રકાર ની નિમણૂક કરવાની હોવાથી પત્રકાર બનવા માટે સંપર્ક કરો

http://www.gujataatmiyata.in/

9016924808 Himanshu Thakor

himanshuthakor242 Kutumb

ભાડેથી જોઈએ છે

રો હાઉસ , શાસ્ત્રી રોડ બારડોલી



બારડોલી શાસ્ત્રી રોડ, શિશુ મંદિર, સૃષ્ટિ-સ્વર વિલા ની આજુ-બાજુ ની સોસાયટીમાં રો-હાઉસ ભાડેથી જોઈએ છે...

આત્મીય પ્રોપર્ટી બારડોલી
+91-9016924808



કન્ટ્રકશન ના બાંધકામ માટે સંપર્ક કરો...!!!

Mo. 9624532454

ગ્રાઉન્ડ ફ્લોર ની દુકાન વેચવાની છે....!!

૧) બારડોલી-શાસ્ત્રી રોડ ૨) ઘામળોદ રોડ

શાસ્ત્રી રોડ પર રો -હાઉસ, બંગલો લેવા માટે સંપર્ક કરો

Mo. 9016924808

OWNER, PRINTER, PUBLISHER & EDITOR- HIMANSHUBHAI KANTILAL THAKOR . PUBLISHED FROM- GUJARAT AATMIYATA (WEEKLY)-SURAT. LIMDA FALIYA, VTC. PALI, PO. HALDHARU, SUB DISTRICT-KAMREJ, SURAT. GUJARAT-394310. PRINTED BY-YASH TRADING, PLOT NO.- 26, KHODIYAR NAGAR, NEAR SHIDDHIVINAYAK MANDIR, BHATENA , SURAT, ( GUJARAT).